GJJM020102642024



સત્यमेव जयते

**-:નમુનો-અ:-**

**જામનગર જિલ્લાના મહેરબાનશ્રી એડીશ્નલ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં મુકામ: જામનગર**

**ચુકાદાની તારીખ : ૧૦/૦૮/૨૦૨૬**

**ફોજદારી કેસ નં. :૭૧૮૬/૨૦૨૪**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | **આઈ.પી.સી કલમ- ૩૭૯ મુજબ...** |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ૧૧૨૦૨૦૦૯૨૪૦૦૦૭૨/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન, જામનગર |
| ફરીયાદીપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી ડી.એન.ત્રીવેદી |
| આરોપીપક્ષ | **ભાવેશ પ્રવીણભાઈ ચૌહાણ,**<br>ઉંમર-૧૬, ધંધો-મજુરી,<br>રહે.જીલરીયા ગામ,તા. પડધરી, જી.રાજકોટ.<br>મુળ - મેટોડા,જી.આઇ.ડી.સી.ગેટ નં. ૩,<br>કાલાવડ રોડ,જી.એમ.વાલ્વ કારખાના પાસે,<br>રાજકોટ |

**GJJM020102642024**

ફોજદારી કેસ નં.૭૧૮૬/૨૦૨૪

| | |
|---|---|
| રજુઆત | આરોપી તરફે વકીલ શ્રી જી.જે.અલગોતર |

**–:નમૂનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૦૭/૦૧/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૯/૦૧/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૦૩/૦૭/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | ૩૦/૦૬/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૨/૦૬/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | |

**::આરોપીની વિગત::**

| આરોપીનો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયું /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | ભાવેશ પ્રવીણભાઇ | ૧૦/ ૦૧/ | | આઈ.પી.સી | નિર્દોષ છોડ્યા | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ચૌહાણ | ૨૦૨૪ | | કલમ–૩૭૯ મુજબ... | | | |

**::નમૂનો ક::**

**ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષીની યાદી**

**અ. ફરીયાદ પક્ષ**

| **અનુક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ફ.સા. ૧ | દીપેશ કાંતીલાલ પરમાર | પંચ |
| ફ.સા. ૨ | રાજશીભાઇ અમરશીભાઇ બંધીયા | ફરિયાદી |

**ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી**

**અ. ફરીયાદ પક્ષ**

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૭ | પંચ–દીપેશ કાંતીલાલ પરમારની જુબાની |
| ૨ | ૧૮ | પંચનામું |
| ૩ | ૨૦ | ફરીયાદી–રાજશીભાઇ અમરશીભાઇ બંધીયાની જુબાની |
| ૪ | ૨૧ | અસલ ફરીયાદ |
| ૫ | ૨૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૬ | ૨૩ | કલોઝીંગ પુરસીસ |

## ::-ચુકાદો-::

### (૧) કેસની ટૂંકી હકીકત :-

ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઈએ તો,આ કામે કોલમ નં.૧મા દર્શાવેલા આરોપીએ ફરીયાદીની રોયલ ઇનફીલ્ડ કંપનીનું બુલેટ મો.સા. રજી.નં.જી.જે.-૨૩-ડી.ઇ.-૨૦૧૯ જેની કિંમત રૂા. ૧,૨૫,૦૦૦/- નું ચોરી કરી લઇ ગઇ ગુન્હો કરી સીટી બી ડીવીઝન પોલીસ સ્ટે.ના ગુ.રજી.નં. ૧૧૨૦૨૦૦૯૨૪૦૦૭૨/૨૦૨૪ ના આઈ.પી.સી કલમ- ૩૭૯ મુજબનો ગુન્હો કર્યા બાબત તપાસ દરમ્યાન આરોપીઓ પકડાઈ જતા આરોપીઓ વિરૂધ્ધમાં પુરતા પુરાવાના આધારે ચાર્જશીટ રજુ કરેલ છે.

### (૨) ન્યાયિક કાર્યવાહી :-

આરોપીને સમન્સ બજવણી થતાં આરોપી અદાલત સમક્ષ જાતે હાજર રહેલ આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલ આપવામાં આવેલ છે જેની ખાત્રી કરેલ છે. સદર કામે આંક- ૦૫ થી તહોમતનામુ ફરમાવી તથા આંક-૦૬ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતા આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરેલ, જેથી આ કામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. તેમજ નીચે મુજબનો પુરાવો નોંધવામાં આવેલો છે.

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૭ | પંચ-દીપેશ કાંતીલાલ પરમારની જુબાની |
| ૨ | ૧૮ | પંચનામું |
| ૩ | ૨૦ | ફરીયાદી-રાજશીભાઇ અમરશીભાઇ બંધીયાની જુબાની |

| | | |
|---|---|---|
| ૪ | ૨૧ | અસલ ફરીયાદ |
| ૫ | ૨૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું |

## (૦૩ ) આરોપીનું વિશેષ નિવેદન તથા દલીલ :-

ફરીયાદ પક્ષનો ઉપર મુજબનો પુરાવો નોંધ્યા બાદ ફરિયાદપક્ષ દ્વારા આંક:૨૩ થી તેઓને હાલના કામે અન્ય કોઈ પુરાવો રજુ રાખવો નથી તેવું જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં લાયક પુરાવો ન જણાતાં વિશેષ પુરાવો નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી ની તથા આરોપી પક્ષે વિ.વ.શ્રી ની મોંખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**૦૪..** ઉપરોકત હકીકત, તેમજ રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાં, આ કામનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદા ઉપસ્થિત થાય છે.

**-::મુદાઓ::-**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ એ હીકકત નિ:શકપણે પુરવાર કરે છે કે,આ કામે કોલમ નં.૧મા દર્શાવેલા આરોપીએ ફરીયાદીની રોયલ ઇનફીલ્ડ કંપનીનું બુલેટ મો.સા. રજી.નં.જી.જે.-૨૩-ડી.ઇ.-૨૦૧૯ જેની કિંમત રૂા. ૧,૨૫,૦૦૦/- નું ચોરી કરી લઇ ગઇ ગુન્હો કરી સીટી બી ડીવીઝન પોલીસ સ્ટે.ના ગુ.રજી.નં. ૧૧૨૦૨૦૦૯૨૪૦૦૭૨/૨૦૨૪ ના **આઈ.પી.સી કલમ- ૩૭૯** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

**(૫)** ઉપરોકત મુદાઓના પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં.** |
| (૨) | આખરી હુકમ મુજબ |

**–::કારણો::–**

**૬.મુદ્દા નં:૧**

**(૬.૧) પંચ:-**

હાલના કેસમાં ફરિયાદપક્ષ દ્ધારા તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક: ૧૭** થી **પંચ** દિપેશ કાંતીલાલ પરમારને સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે.પરંતુ તેઓ **આંક:૧૮** વાળા પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને તેમને ઈન્ડિયન એવિડન્સ એક્ટ ની કલમ ૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્ન પૂછવાની પરવાનગી આપવામાં આવેલી પરંતુ સદર તપાસમાં ફરિયાદ પક્ષને કોઈ મહત્વનો પુરાવો મળી આવેલ ન હોય તેઓની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

**(૭.૨)ફરીયાદી:-**

ફરીયાદપક્ષે **આંક–૨૦** થી **ફરીયાદી** રાજશીભાઇ અમરશીભાઇ બંધીયાને તપાસવામાં આવેલા છે.તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે

કે,તેઓ પટેલ કોલોની શેરી નં.૩ માં રહે છે અને અંબરટોકીઝ પાસે આવેલ પુનમબેન માડમના કાર્યાલયમાં કામકાજ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે અને તેની પાસે રોયલ એનફીલ્ડ જી.જે.૨૩.ડી.ઇ. ૨૦૧૯ નંબરવાળુ જે તેઓ રોજીંદા કામકાજમાં ઉપયોગ કરે છે.બનાવમાં તા. ૭/૧/૨૩ ના રોજ તેઓ ઉપરોકત નંબરવાળું તેનું બુલેટ લઇને તેની નોકરીએ ગયેલ હતો અને ઓફીસની બાજુમાં આવેલ ગલીમાં પાર્ક કરેલ હતુ અને રાત્રીના સાડા આઠ વાગ્યે નોકરી પુરી કરી ઘરે જવા માટે નીકળેલ ત્યારે બુલેટ જોવામાં આવેલ નહી. જેથી તેઓ તેઓની સાથે કામ કરતા નીખીલભાઇ પરમાર અને સીધ્ધાર્થ પરમારને બનાવ બાબતે જાણ કરેલી અને તેઓ બધાએ તપાસ કરતા બુલેટ મળી આવેલ નહી.જેથી તેઓનું બુલેટ મોટરસાઇકલ જેની કિંમત રૂા.૧,૨૫,૦૦૦/- હોય અને જે કોઈ અજાણ્યો ચોર ઇસમ ચોરી ગયેલો હોય જેથી તેઓએ અજાણ્યા ઇસમો વિરુધ્ધ ફરિયાદ નોંધાવેલ.જે ફરિયાદ તેઓને બતાવવામાં આવે છે. જેમાં તેઓની સહી છે. જે ઓળખી બતાવે છે જે ફરિયાદને રજુ દાખલ આંક-૨૧ આપવામાં આવેલ છે.

બચાવપક્ષ દ્વારા સદર ફરીયાદીને ઉલટ તપાસમાં વિવિધ રીતે પડકારવામાં આવેલા છે. જેમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, ચોરી કરનાર કોણ હતા તેની તેને આજ દિન સુધી ખબર નથી. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, તેનું વાહન તેને પરત મળી ગયેલ છે.

(૮) પુરાવાકીય મુલ્યાંકન:-

**(૮.૧)** હાલના કામે આરોપી વિરુધ્ધ ફરીયાદીની રોયલ ઇનફીલ્ડ કંપનીનું બુલેટ મો.સા. રજી.નં.જી.જે.-૨૩-ડી.ઇ.-૨૦૧૯ જેની કિંમત રૂા.

૧,૨૫,૦૦૦/– નું ચોરી કરી લઈ ગઈ ગુન્હો કરી સીટી બી ડીવીઝન પોલીસ સ્ટે.ના ગુ.રજી.નં. ૧૧૨૦૨૦૦૯૨૪૦૦૭૨/૨૦૨૪ ના **આઈ.પી.સી કલમ– ૩૭૯** મુજબનનો શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત લગાવવામાં આવેલ છે તેવામાં સદર કલમના તત્વો જાણવા જરૂરી છે જે નીચે મુજબના છે.

**ઈ.પી.કો.કલમ-૩૭૯ : ચોરી માટે સજા:**

જો કોઈ વ્યકિત ચોરી કરે તેને ત્રણ વર્ષ સુધીની કેદ અથવા દંડ બેમાંથી કોઈપણ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**(૮.૨)** તેવામાં હાલના કામે પડેલ પુરાવો જોવામાં આવે તો આંક:૨૦ થી ફરિયાદી રાજશીભાઈ અમરશીભાઈ બંધીયા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે જેમાં સરતપાસમાં તેઓએ આંક-૨૧ વાળી ફરિયાદની હકીકતને મહદઅંશે સમર્થન કરતી જુબાની આપેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, તેમનું બુલેટ મોટરસાઈકલ કે જેની કિંમત રૂા.૧,૨૫,૦૦૦/- હોય અને જે કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી ગયેલ હોય જેથી તેઓએ અજાણ્યા ઈસમો વિરુધ્ધ ફરિયાદ નોંધાવેલ. ત્યારબાદ બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં તેઓએ કબુલ કરતા જણાવેલ છે કે, ચોરી કરનાર કોણ હતા તેની તેઓને આજ દિન સુધી ખબર નથી. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, તેઓને તેનું વાહન પરત મળી ગયેલ છે. વધુમાં હાલના કામે આંક-૧૭ થી પંચ- દિપેશ કાંતીલાલ પરમારને સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે પરંતુ તેઓ આંક-૧૮ વાળા મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને આ પંચને તેમને

ઈન્ડિયન એવિડન્સ એકટની કલમ ૧૫૪ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલી, પરંતુ સદર તપાસમાં ફરિયાદપક્ષને કોઇ મહત્વનો પુરાવો મળી આવેલ ન હોય તેઓની જુબાની પર આધાર રાખી શકાય તેમ નથી તેમજ સદર પંચનામાની હકિકતને નિ:શકપણે  પુરવાર થયેલી ગણી શકાય નહી. આમ જ્યારે ફરીયાદી તેમનું મોટર સાઈકલ ચોરી કરીને કોણ લઈ ગયેલું તેની ખબર ન હોય તેમજ હાલના આરોપી પાસેથી કહેવતો મુદ્દામાલ મોટર સાઈકલ કબજે કર્યાના પંચનામાના પંચ ફરી ગયેલા હોય સદર પંચનામાની હકીકત ની:શંકપણે પુરવાર થયેલી ન હોય ત્યારે ખરેખર હાલના આરોપી પાસેથી મુદ્દામાલ મોટર સાઈકલ કબજે કરવામાં આવેલું કે હાલના આરોપીએ કહેવાતું મોટર સાઈકલ ચોરી કરેલું તેવી કોઈ હકીકત પણ આપોઆઅપ ની:શંકપણે પુરવાર થયેલું ગણી શક્ય નહી. તેમજ આંક-૨૨ થી બનાવવાળી જગ્યાનું પંચનામું કર્યાનું પંચનામુ બચાવપક્ષ દ્બારા આંકે પાડી વંચાણે લેવામાં આવે તો વાંધો નથી તેવું જાહેર કરી તે મુજબનો શેરો કરેલો છે. જેથી સદર મુદ્દામાલ ની સત્યતા રેકર્ડ ઉપર લાવવા માટે અન્ય કોઈ સાહેદને તપાસવામાં આવેલા નથી. તેમજ આ કામેનો કહેવાતું ચોરી થયેલ મુદામાલ વાહન ફરિયાદીને પરત મળી ગયેલ છે તેવું જણાવેલ છે. તેમજ ફરિયાદ પક્ષ દ્બારા તેઓને હાલના કામે અન્ય કોઇ પુરાવો રજુ રાખવો નથી તેવું આંક:૨૩ થી પુર્સીસ રજુ રાખી જાહેર કરેલ હોય તેવા સમયે હાલના કામે ઉપર કરેલ ચર્ચા મુજબ રેકર્ડ ઉપર પડેલ પુરાવાનું સંપુર્ણ રીતે અવલોકન અને મુલવણી કરવામાં આવે તો આરોપીને ફરિયાદવાળા બનાવ સાથે સીધી રીતે અને ની:શંકપણે સાંકળી શકે તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલો ન હોય આરોપી વિરુધ્ધ લગાવવવામાં આવેલ કલમનું તહોમત ફરિયાદપક્ષ ની:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું આ અદાલતનું નમ્રપણે માનવુ છે. તેમજ જયારે ફોજદારી કાયદાનો પ્રસ્થાપિત

સિધ્ધાંત છે કે,ફોજદારી કેસમાં આરોપી સામેનો ગુનો નિ:શક રીતે પડેલ પુરાવાથી સાબિત ન થાય ત્યાં સુધી એવું અનુમાન કરવાનુ રહે છે કે, આરોપી નિર્દોષ છે અને તેનો લાભ આરોપીને આપવો જોઈએ અને આરોપી સામેના કેસની સાબિતીનો બોજો ફરિયાદપક્ષ ઉઠાવી શકે નહી. આમ, હાલના કેસમાં આરોપી ખરેખર સદર ગુનામાં સંડોવાયેલ છે કે કેમ તે પડેલ પુરાવાથી નિ:શંકપણે સાબીત થતું ન હોય ન્યાયના હિતમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.૨ માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::: આખરી હુકમ :::**

(૧) આ કામનાં આરોપી ભાવેશ પ્રવીણભાઇ ચૌહાણને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે આઇ.પી.સી.કલમ–૩૭૯ મુજબના ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) હાલના કામે આરોપીએ અગાઉ આપેલા જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો અથવા રૂપીયા ૧૫,૦૦૦/– ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અપીલ સમય સુધીના રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

(૩) હાલના કામે કબ્જે કરવામા આવેલ મુદામાલનો વચગાળાનો હુકમને બિનશરતી કાયમી કરવાનો હુકમ કરવામાં આવે છે અન્યથા માલીકની ખરાઈ કરી તેને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૧૦મી, માહે :ઓગસ્ટ ,સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : જામનગર**

**તા. ૧૦/૦૮/૨૦૨૬**

**(કે.એમ. ભટ્ટ)**
**અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**જામનગર**
**જજ કોડ નંબર : જી.જે.૦૧૫૫૯**

એમ.યુ.ખારેચા